



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા






માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ મહા વદ નોમ, શનિવાર ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૯૩

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦


# અમેરિકા તરફથી જે ફંડ મળ્યું જ નથી એ મુદ્દે ભાજપ-કોંગ્રેસ વચ્ચે ધમાસાણ

## ટ્રમ્પ જેના અંગે ઉહાપોહ મચાવે છે તે 21 મિલિયન ડોલર ખરેખર તો બાંગ્લાદેશ માટે હતા

**કેટલાક** ભારતીય મીડિયા ગૃહોએ ફેક્ટ ચેક કરતા હકીકતો બહાર આવી

**અમેરિકાએ** ભૂતકાળમાં પણ બાંગ્લાદેશ સહિતના દેશોને લોકશાહીને પ્રોત્સાહન માટે ભંડોળો આપ્યા છે

**ભારતને** ૨૦૧૩થી ૨૦૧૮ વચ્ચે આવા જ હેતુસર માત્ર પાંચ લાખ ડોલરથી પણ ઓછી રકમ મળી છે

**વોશિંગ્ટન, તા. 21:** જ્યારે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના પુરોગામી જો બાઇડન પર પ્રહારો કરતા ભારતમાં મતદાન વધારવા માટે ૨૧૦ લાખ ડોલર આપવામાં આવતા હતા તે મુદ્દો એક સપ્તાહમાં ત્રણ વખત ઉપાડ્યો અને અમેરિકાનું સરકારી કાર્યક્ષમતા વિભાગ કહે છે કે તેણે આ સહાય રદ કરી છે ત્યારે ભારતના એક અગ્રણી અખબારે હકીકતો ચકાસતા જણાયું છે કે આ રકમ ભારત માટે નહીં પણ બાંગ્લાદેશ માટે ચુકવવામાં આવી હતી. મસ્કે આ મુદ્દો ઉપાડ્યો અને ટ્રમ્પે માની લીધું અને આ વાત ઉછાળવા માંડ્યા અને એમ પણ કહી દીધું કે ભારતમાં કોઇ બીજાને ચૂંટાવવા આ રકમ આપવામાં આવતી હતી અને ભારતમાં શાસક ભાજપે આ અંગે કોંગ્રેસ પર ભારતમાં ચૂંટણી પ્રક્રિયા પર અસર કરવા બહારથી દખલગીરી થવા દેવાનો આક્ષેપ કર્યો. જો કે ઇન્ડિયન એક્સપ્રેસ અખબારે ફેક્ટ ચેક કરતા જણાયું કે તે ૨૧ મિલિયન ડોલરની રકમ ૨૦૨૨માં બાંગ્લાદેશ માટે મંજૂર કરવામાં આવી હતી, ભારત માટે નહીં. આમાંથી ૧૩.૪ મિલિયન ડોલરની રકમ તો અપાઇ પણ ગઇ છે અને તે રકમ જાન્યુઆરી ૨૦૨૪માં બાંગ્લાદેશમાં યોજાયેલ ચૂંટણી વખતે



...અનુસંધાન પાના 4 પર

**વિદેશ** મંત્રાલયે આવા ભંડોળોને આંતરિક બાબતોમાં દખલગીરી સમાન ગણાવ્યા

**ભાજપ** કહે છે કે યુપીએના શાસન વખતે જ આવા ભંડોળો વધારે આવ્યા, કોંગ્રેસ કહે છે કે ભૂતકાળમાં ભાજપે વિદેશી ભંડોળોનો ઉપયોગ સરકારોને અસ્થિર કરવા કર્યો

**ટ્રમ્પનો** દાવો ખોટો હોવાના મીડિયા અહેવાલોને ભાજપે કોંગ્રેસના ઢાંકપિછોડાના પ્રયાસ ગણાવ્યા, રાહુલ ગાંધીને ‘દેશદ્રોહી’ ગણાવ્યા, કોંગ્રેસે શ્વેતપત્રની માગણી કરી

**નવી દિલ્હી, તા. 21 (PTI):** ભાજપે શુક્રવારે યુએસએઆઈડી ભંડોળના મુદ્દા પર કોંગ્રેસ પર પોતાના હુમલા વધુ તીવ્ર બનાવ્યા અને રાહુલ ગાંધીને ‘દેશદ્રોહી’ ગણાવ્યા, તેમના પર ભારતને નબળું પાડવાના પ્રયાસમાં વિદેશી દળો સાથે સાંઠગાંઠ કરવાનો આરોપ લગાવ્યો અને મીડિયા અહેવાલોને ‘ઢાંકપિછોડા’ તરીકે ફગાવી દીધા જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે 2022માં ભારતને નહીં પણ બાંગ્લાદેશ માટે 21 મિલિયન ડોલર મંજૂર કરવામાં આવ્યા હતા. બીજી બાજુ કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે ભાજપની આ વાતો તેણે પોતે ભૂતકાળની સરકારોને અસ્થિર કરવા કરેલા ઉપયોગ પરથી ધ્યાન બીજે દોરવાનો પ્રયાસ છે.

ભાજપ મુખ્યાલયમાં એક પત્રકાર પરિષદને સંબોધતા, પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ ભાટિયાએ દાવો કર્યો કે USAID ભંડોળ ભારતમાં આંતરિક રાજકારણમાં દખલ કરવા અને ચૂંટણી રાજકારણમાં ખલેલ પહોંચાડવા માટે આવ્યું હતું. ‘2004-13 દરમિયાન કોંગ્રેસની આગેવાની હેઠળના યુપીએ શાસન દરમિયાન ભારત સરકારને 2000 મિલિયન ડોલરથી વધુનું ભંડોળ મળ્યું હતું. અને મોદીજીના કાર્યકાળ દરમિયાન ફક્ત 1.5 મિલિયન ડોલર જ આવ્યા

...અનુસંધાન પાના 4 પર



## ઈલોન મસ્કે મંચ પર દર્શકોને ચેઇનસો બતાવ્યો

**આ ઈલેક્ટ્રિક** કરવત આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિએ ભેટ આપી

**મેરીલેન્ડ, તા. 21 :** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ માણસ અને વિશ્વના ટોચના અબજપતિ ઇલોન મસ્ક સમયે સમયે જાત જાતના ગતકડાઓ કરતા રહે છે.

હાલમાં તેમણે એક કાર્યક્રમમાં ચેઇન સો યંત્ર મંચ પરથી સૌ હાજર દર્શકોને બતાવ્યું હતું અને કહ્યું હતું કે આ સરકારી નોકરશાહો માટેનો ચેઇનસો છે.

ગુરુવારે મેરીલેન્ડના નેશનલ હાર્બરમાં કન્ઝર્વેટિવ પોલિટિકલ એક્શન કોન્ફરન્સ યોજાઇ હતી તેમાં મસ્કે આ કર્યું હતું.

તેમણે વિજળીથી ચાલતો આ ચેઇનસો દર્શાવીને એ મુજબ કહ્યું હતું કે આ ચેઇનસોથી જે રીતે વસ્તુઓ કાપવામાં આવે છે તે રીતે કામ વગરના કર્મચારીઓની છટણી કરવામાં આવશે. તેમણે પોતાના પ્રવચનમાં સરકારી ખર્ચાઓમાં પોતે કેવો કાપ મૂક્યો તેની ડંફાસ મારી હતી અને ડેમોક્રેટો પર દેશદ્રોહનો આક્ષેપ કર્યો હતો.

લાલ ચેઇનસો મસ્કને દિવસની શરૂઆતમાં આર્જેન્ટિનાના ઉદારવાદી રાષ્ટ્રપતિ જેવિયર મિલી દ્વારા ભેટમાં આપવામાં આવ્યો હતો.

## ભારતમાં મતદાન વધારવા ચુકવાતી ૨૧ મિલિયન ડોલરની રકમ એક લાંચ હતી: ટ્રમ્પે બાઇડન તંત્ર પર પ્રહારો ચાલુ રાખ્યા

**ન્યુ યોર્ક, તા. 21 (PTI):** અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે ‘મતદાન વધારવા’ માટે ભારતને ૨૧ મિલિયન ડોલરનું ભંડોળ એક કટકીની યોજના હતી, જ્યારે તેમણે હવે રદ કરાયેલી નાણાકીય સહાય અંગે અગાઉના બાઇડેન તંત્ર પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું છે. ટ્રમ્પે ગુરુવારે વોશિંગ્ટન ડીસીમાં રિપબ્લિકન ગવર્નર્સ એસોસિએશનની બેઠકમાં બોલતા આ ટિપ્પણીઓ કરી હતી. ભારતમાં મતદાન માટે 21 મિલિયન ડોલર. આપણે ભારતના મતદાનની કેમ ચિંતા કરીએ છીએ? આપણને ઘણી સમસ્યાઓ છે. આપણે આપણું પોતાનું મતદાન વધારવા ઇચ્છીએ એમ ટ્રમ્પે કહ્યું. હું કહીશ કે ઘણા કિસ્સાઓમાં, આમાંના ઘણા કિસ્સાઓમાં, જ્યારે તમને ખબર પણ નથી કે આ શાની વાત થઇ રહી છે, તેનો અર્થ એ છે કે ત્યાં લાંચ આપવામાં આવી રહી હતી કારણ કે કોઈને ખબર નથી કે ત્યાં શું ચાલી રહ્યું છે એમ તેમણે કહ્યું. એક અઠવાડિયામાં આ ત્રીજી વખત છે જ્યારે ટ્રમ્પે આ ભંડોળ પર પ્રશ્ન

...અનુસંધાન પાના 4 પર

## શીખ વિરોધી રમખાણો: અદાલત 25મીએ સજ્જન કુમારને સજા સંભળાવશે

**ફરિયાદી** અને સરકારી પક્ષે મૃત્યુદંડની સજાની માગ કરી

**અદાલતે** 12 ફેબ્રુઆરીના રોજ સજ્જન કુમારને હત્યા માટે દોષીત ઠેરવ્યા હતા



**નવી દિલ્હી, તા. 21 (PTI):** દિલ્હીની એક અદાલતે શુક્રવારે 1984ના શીખ વિરોધી રમખાણો સંબંધિત હત્યા કેસમાં કોંગ્રેસ નેતા સજ્જન કુમારને કેટલી સજા આપવાની તે અંગેનો નિર્ણય 25 ફેબ્રુઆરી સુધી અનામત રાખ્યો હતો.

સ્પેશિયલ જજ કાવેરી બાવેજા સમક્ષ હાજર થતાં, ફરિયાદી, જેમના પતિ અને પુત્રની હત્યા કુમાર દ્વારા ઉશ્કેરવામાં આવેલા ટોળા દ્વારા કરવામાં આવી હતી, તેમણે કુમાર માટે મહત્તમ મૃત્યુદંડની સજાની માગ કરી હતી. ‘ટોળાના નેતા હોવાના નાતે આરોપીએ અન્ય લોકોને નરસંહાર, માનવતા વિરુદ્ધ ગુનો અને ઠંડા કલેજે હત્યા કરવા માટે ઉશ્કેર્યા હતા, અને તે મૃત્યુદંડથી ઓછી સજાને પાત્ર નથી’, એમ ફરિયાદીનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ

...અનુસંધાન પાના 4 પર

## ટ્રમ્પના FBI ડિરેક્ટર તરીકે કાશ પટેલને સેનેટની બહાલી

**રિપબ્લકન** બહુમતિવાળા આ સંસદીય ગૃહે સાંકડી સરસાઇથી પટેલની નિમણૂક મંજૂર રાખી

**નિમણૂકની** તરફેણમાં ૫૧ અને વિરુદ્ધમાં ૪૯ મત પડ્યા, બે રિપબ્લિકન સેનેટરોએ પણ પટેલની નિમણૂકની વિરુદ્ધમાં મત આપ્યો




**ન્યુ યોર્ક, 21 (PTI).** નવા એફબીઆઈ ડિરેક્ટર કાશ પટેલ યુએસ સેનેટ દ્વારા પુષ્ટિ મળ્યા બાદ દેશની આ મુખ્ય કાયદા અમલીકરણ એજન્સીનું નેતૃત્વ કરનારા પ્રથમ ભારતીય-અમેરિકન બન્યા છે. તેમણે બ્યુરોમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાની પ્રતિજ્ઞા લીધી છે. ગુરુવારે રિપબ્લિકન-નેતૃત્વ હેઠળની સેનેટે 44 વર્ષીય પટેલના નામની પુષ્ટિ સાંકડી સરસાઈથી કરી હતી. સેનેટે 51 થી 49 મતો આપીને પટેલને પુષ્ટિ આપી. બે રિપબ્લિકન, સુસાન કોલિન્સ અને લિસા મુર્કોવસ્કીએ તેમની વિરુદ્ધ મતદાન કર્યું હતું. કેપિટોલ હિલ પર ડેમોક્રેટ્સ તરફથી તેમની નિમણૂક

...અનુસંધાન પાના 4 પર

### કાશ પટેલના મૂળિયા ગુજરાતના આણંદ જિલ્લાના ભાદરણ ગામમાં છે

**અમદાવાદ.** ફેડરલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (એફબીઆઇ)ના વડા તરીકે અમેરિકી સેનેટ દ્વારા પુષ્ટિ કરાયેલા ભારતીય-અમેરિકન કાશ પટેલના મૂળ ગુજરાતના આણંદ જિલ્લાના ભાદરણ ગામમાં છે, જ્યાંથી તેમનો પરિવાર ૭૦ થી ૮૦ વર્ષ પહેલાં યુગાન્ડા સ્થળાંતરિત થયો હતો, એમ તેમના સમુદાયના સભ્યોએ શુક્રવારે જણાવ્યું હતું. ન્યૂ યોર્કમાં જન્મેલા પટેલ

...અનુસંધાન પાના 4 પર

## ઈડીએ બીબીસી ઈન્ડિયા પર રૂ. 3.44 કરોડનો દંડ લગાવ્યો

**3 ડિરેક્ટરો** પર પણ દંડ ફટકારમાં આવ્યો બીબીસીએ એફડીઆઇ 100 ટકા પર રાખી નિયમોનો ભંગ કર્યો હતો

**નવી દિલ્હી, તા. 21 (PTI):** એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે વિદેશી સીધા રોકાણના (એફડીઆઈ) નિયમોના કથિત ભંગ બદલ બીબીસી વર્લ્ડ સર્વિસ ઈન્ડિયા પર રૂ. 3.44 કરોડથી વધુનો દંડ ફટકાર્યો છે, એમ એજન્સીના અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

કેન્દ્રીય તપાસ એજન્સીએ ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) હેઠળ નિર્ણય બાદ બ્રિટિશ બ્રોડકાસ્ટર સામે આદેશ જારી કરતા તેના ત્રણ ડિરેક્ટરોને રૂ. 1.14 કરોડથી વધુનો દંડ પણ ફટકાર્યો હતો. આ સંદર્ભમાં પીટીઆઈ દ્વારા મોકલવામાં આવેલા પ્રશ્નનો બીબીસી તરફથી તાત્કાલિક કોઈ જવાબ મળ્યો ન હતો. 4 ઓગસ્ટ, 2023ના રોજ બીબીસી ડબલ્યુએસ ઈન્ડિયા, તેના ત્રણ ડિરેક્ટરો અને નાણા વડાને ઉપરોક્ત કાયદા હેઠળ વિવિધ ‘ઉલ્લંઘનો’ માટે કારણ બતાવોક નોટિસ જારી કરવામાં આવ્યા બાદ નિર્ણયની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ફેબ્રુઆરી 2023 માં આવકવેરા વિભાગે સમાચાર સંસ્થાના કાર્યાલયમાં સર્વેક્ષણ કામગીરી હાથ ધર્યાના થોડા મહિના પછી ઈડીએ બીબીસી સામે ફેમા તપાસ શરૂ કરી હતી. બીબીસી ડબલ્યુએસ ઈન્ડિયા, જે 100 ટકા એફડીઆઈ કંપની છે, ડિજિટલ મીડિયા દ્વારા સમાચાર

...અનુસંધાન પાના 4 પર

### સોનિયા ગાંધીને હોસ્પિટલમાંથી રજા અપાઈ

**નવી દિલ્હી, તા. 20 (PTI):** કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીને દિલ્હીની સર ગંગા રામ હોસ્પિટલમાંથી શુક્રવારે રજા આપી દેવામાં આવી હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું. કોંગ્રેસ નેતાને ગુરુવારની સવારે નિયમિત તપાસ માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડોક્ટરોની એક ટીમે તેમની તપાસ કરી હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

તા. ૨૧-૦૨-૨૦૨૫નું સુરત શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૬.૨° સે. | ૨૫.૨° સે. | ૩૮% |

## ભારત-પાકિસ્તાને નિયંત્રણ રેખા પર ફ્લેગ બેઠક યોજી

**બંને** પક્ષ સરહદ પર શાંતિ માટે યુદ્ધવિરામ કરારનું પાલન કરવા સંમત થયા

**હાલના** દિવસોમાં સીમા પારથી ગોળીબારના બનાવો બન્યા બાદ તણાવ વધ્યો હતો

**જમ્મુ, તા. 21 (PTI):** સીમા પારથી ગોળીબાર અને આઈઈડી હુમલાની હાલની ઘટનાઓ બાદ તણાવ ઓછો કરવા માટે ભારત અને પાકિસ્તાને શુક્રવારે જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લામાં નિયંત્રણ રેખા (એલઓસી) પર ફ્લેગ મીટિંગ યોજી હતી, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

સૂત્રોએ કહ્યું હતું કે બ્રિગેડ-કમાન્ડર સ્તરની ફ્લેગ મીટિંગ ચકન-દા-બાગ ક્રોસિંગ પોઇન્ટ વિસ્તારમાં થઇ હતી જેમાં બંને પક્ષોએ સીમા પર શાંતિ જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. 75 મિનિટ લાંબી આ બેઠક સવારે 11 વાગ્યાની આસપાસ શરૂ થઇ હતી. જો કે ભારતીય સૈન્યએ આ બેઠક પર કોઇ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું ન હતું. ભારતીય સેનાના પ્રતિનિધિમંડળે હાલમાં જ સીમા પારથી ગોળીબાર, ત્રાસવાદીઓ દ્વારા ઘુસણખોરીના પ્રયાસો અને શસ્ત્રો અને માદક દ્રવ્યોની દાણચોરી પર પોતાનો ભારે વિરોધ નોંધાવ્યો હતો. બેઠક અનુકૂળ વાતાવરણમાં થઇ હતી અને બંને પક્ષો સરહદો પર શાંતિના વ્યાપક હિતમાં યુદ્ધવિરામ કરારનું પાલન કરવા સંમત થયા હતા, એમ સૂત્રોએ જણાવ્યું હતું. 25 ફેબ્રુઆરી, 2021 ના રોજ બંને દેશોએ કરારનું નવીકરણ કર્યું ત્યારથી જમ્મુ અને કાશ્મીરની સરહદો

...અનુસંધાન પાના 4 પર

## મને નબળો ગણશો નહીં: મહારાષ્ટ્રમાં શાસક ગઠબંધનમાં વધતા તનાવ વચ્ચે શિંદેનો ખોંખારો

**નાયબ** મુખ્યમંત્રી એકનાથ શિંદેએ જો કે કહ્યું છે કે પોતાને મુખ્યમંત્રી ફડણવીસ સાથે કોઇ શીત યુદ્ધ નથી છતાં અનેક ઘટનાઓ સૂચવે છે કે તનાવ સર્જાયો છે



**નાગપુર, તા. 21 (PTI):** મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને તેમના વચ્ચે વધતા જતા મતભેદની ચર્ચા વચ્ચે, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ શુક્રવારે કહ્યું કે કોઈએ તેમને હળવાશથી ન લેવા જોઈએ, અને એમવીએ સરકારના પોતે કરાવેલા પતનનો છૂપો ઉલ્લેખ કર્યો હતો. તેમણે નાગપુરમાં પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે, જે લોકો સમજવા સક્ષમ હતા તેમના માટે આ એક ચેતવણી હતી, પરંતુ પછીથી બીજા એક કાર્યક્રમમાં તેમણે કહ્યું કે તેમની અને ફડણવીસની વચ્ચે કોઈ શીતયુદ્ધ નથી. 2022માં, મેં મને હળવાશથી લેનારાઓનું ગાડું ઉથલાવી દીધું, અને અમે એક નવી સરકાર લાવ્યા જે લોકોના હૃદયમાં હતી એમ શિંદેએ

...અનુસંધાન પાના 4 પર

